સિટી SPORTS

# ઇન્ટર કોલેજ જુડોની સ્પર્ધામાં એસ.વી. આર્ટસ અને એલ.ડી. આર્ટસ કોલેજ વિજેતા બન્યા

## ગુજરાત યુનિ.ના અમદાવાદ ઝોનની સ્પર્ધામાં 80 ખેલાડીઓએ ભાગ લીધો

**Judo**

અમદાવાદમાં યોજાયેલી ગુજરાત યુનિવર્સિટીના અમદાવાદ ઝોનની જુડોની સ્પર્ધામાં પુરુષ કેટેગરીમાં એસ.વી. આર્ટસ કોલેજ વિજેતા બની હતી. જ્યારે એસ. આર. મહેતા આર્ટસ કોલેજ રનર્સ અપ બની હતી. મહિલા કેટેગરીમાં એલ.ડી. આર્ટસ વિજેતા બની હતી. જ્યારે આર.ડી. શાહ કોલેજ રનર્સ અપ બની હતી. આ સ્પર્ધામાં અમદાવાદ ઝોનની અનેક કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં કુલ 100 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં 56 કિલો વજનની કેટેગરીમાં સંજય રાઠોડ પ્રથમ, આર.સી. શાહ કોમર્સ કોલેજનો ગૌરવ બીજા ક્રમે અને સરકારી બીબીએ કોલેજનો વિવેક શુક્લા ત્રીજા ક્રમે આવ્યો હતો. 60 કિલોની કેટેગરીમાં સહજાનંદ કોલેજનો દિપક પવાર પ્રથમ, એસ.વી. આર્ટસનો નાગોરી મુસ્તુફા બીજા, સેંટ ઝેવિયર્સનો યશ ત્રીજા ક્રમે આવ્યો હતો. 66 કિલોગ્રામ કેટેગરીમાં ઈશાન શેખ પ્રથમ, દેહગામની એ.સી. કોલેજનો કેતન ઠાકોર બીજા ક્રમે, પી. ટી. ઠક્કર કોલેજનો મહમ્મુદ પઠાણ ત્રીજા ક્રમે આવ્યો હતો. 73 કિલોગ્રામની કેટેગરીમાં એસ.વી.આર્ટસનો નઈમખાન પઠાણ પ્રથમ અને ફ્યુઝન શેખ બીજા ક્રમે આવ્યો. જે.જી બીબીએનો રાણા અમીત ત્રીજા ક્રમે આવ્યો હતો. 81 કિલોની કેટેગરીમાં એસ.વી.આર્ટસનો સમીરખાન પઠાણ પ્રથમ, સરકારી સાયન્સ કોલેજનો હિતેશ દેસાઈ બીજા, જે.જી. કોમર્સ કોલેજનો સચીન માધવ ત્રીજા ક્રમે આવ્યો હતો. 90 કિલોની કેટેગરીમાં સેંટ ઝેવિયર્સનો મેહુલ પરમાર પ્રથમ, એચ.કે. આઈબીએનો સહદેવ બીજા, જે.જી. બીબીએનો અર્જુન પ્રજાપતિ ત્રીજા આવ્યો હતો. 100 કિલોની કેટેગરીમાં કેતન અને દેસાઈ રોનક અનુક્રમે પ્રથમ અને બીજા ક્રમે વિજેતા થયા હતા. 100 કિલોથી વધુ કેટેગરીમાં એસ.વી.આર્ટસનો સમીરખાન પઠાણ પ્રથમ, એસ. આર. મહેતા આશિષ બીજા ક્રમે અને એચ. એ. સીસીનો દેસાઈ આનંદ ત્રીજા ક્રમે આવ્યો હતો.



• ગુજરાત યુનિ.ના અમદાવાદ ઝોનની સ્પર્ધામાં વિજેતા બનેલા પુરુષ ખેલાડીઓ

13-08-2017 10:19